॥ શ્રીવલ્લભો વિજયતે ॥

સિદ્ધાંત મુક્તાવલી

(ભાગ-૧)

● લેખક ●

પ્રા. રમેશભાઈ વિ. પરીખ

● અંગ્રેજી અનુવાદ ●

શ્રી મહેશભાઈ શાહ, વડોદરા

● પ્રકાશક ●

શ્રીહરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ

૩૨, શિવ સોસાયટી; વિભાગ-૨,
બી. કે. સિનેમાની બાજુમાં, મહેસાણા - ૩૮૪૦૦૨
ફોન : (૦૨૭૬૨) ૨૪૨૩૫૩, ૨૩૦૧૬૦
ફેક્સ : ૯૧-૨૭૬૨-૨૪૭૬૫૫
Email : shpct@hotmail.com
visit us at www.vaishnavparivar.org

Sidhdhant Muktavali
by Prof. Rameshbhai V. Parikh
Translated by Maheshbhai Shah, Vadodara

© કૉપીરાઇટ - શ્રી હરસાનીજી પબ્લિક ચૅરિટેબલ ટ્રસ્ટ, મહેસાણા

પ્રાપ્તિસ્થાન :

- **શ્રી હરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ** (રૂબરૂ અને પોસ્ટથી)
  ૩૨, શિવ સોસાયટી વિભાગ - ૨, બી. કે. સિનેમાની બાજુમાં,
  મહેસાણા-૩૮૪ ૦૦૨
  ફોન : (૦૨૭૬૨) ૨૪૨૩૫૩, ૨૩૦૧૬૦
  ફેક્સ : ૯૧-૨૭૬૨-૨૪૭૬૫૫
- **શ્રી વિજયભાઈ એમ. દેસાઈ** (ફક્ત રૂબરૂમાં - સવારે ૧૧ થી સાંજે ૫)
  કેમી ઈક્વિપ, દેવકરણ મેન્શન, ૧લા માળે, ૭૯, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ.
  ફોન : (૦૨૨) ૨૨૦૧૦૦૮૪, ફેક્સ : ૯૧-૨૨-૨૨૦૬૦૮૫૮

પ્રથમ આવૃત્તિ : ડિસેમ્બર-૨૦૧૩

પુસ્તક પ્રકાશન સહાય : રૂા. ૨૦/-

મુદ્રક :
પુષ્ટિ પ્રિન્ટ્સ, મહેસાણા

સિદ્ધાંત મુક્તાવલી

શ્લોક : ૧

નત્વા હરિં પ્રવક્ષ્યામિ સ્વસિદ્ધાંત વિનિશ્ચયમ્ ।
કૃષ્ણસેવા સદા કાર્યા, માનસી સા પરામતા ॥૧॥

શબ્દાર્થ :

નત્વા = નમન કરીને, **હરિં** = શ્રી હરિ ભગવાનને, **પ્રવશ્યામિ** = હું સારી રીતે કહું છું; **સ્વસિદ્ધાંત** = પોતાનો સિદ્ધાંત; **વિનિશ્ચયમ્** = વિશેષ નિશ્ચયપૂર્વક; **કૃષ્ણસેવા** = શ્રીકૃષ્ણની સેવા, **સદા** = હંમેશા, **કાર્યા** = કરવી જોઈએ, **માનસી** = માનસી સેવા, **સા** = તે, **પરા** = ઉત્તમ ફળરૂપ, **મતા** = માનેલી છે.

શ્લોકાર્થ :

શ્રીહરિ ભગવાનને નમન કરીને હું (શ્રીવલ્લભ) પોતાના માર્ગના સિદ્ધાંતો નિશ્ચયપૂર્વક, સારી રીતે કહું છું. શ્રીકૃષ્ણની સેવા હંમેશા કરવી જોઈએ. માનસી સેવાને ઉત્તમ ફળરૂપ માનેલી છે. (૧)

સમજૂતિ :

શ્રીમહાપ્રભુજી વિરચિત ષોડશ ગ્રંથોમાં આ ‘સિદ્ધાંત મુકતાવલી’ ત્રીજો ગ્રંથ છે. આ ગ્રંથમાં આપશ્રી પુષ્ટિમાર્ગના સિદ્ધાંતો સમજાવે છે. મુક્તાવલી એટલે મોતીની માળા. છીપમાં સ્વાતિ નક્ષત્રમાં મેઘબિંદુ પડે તો તે મોતી બને. આવી એક કવિ કલ્પના છે. આ કલ્પના ભગવત્કૃપાના સિદ્ધાંત ઉપર રચાયેલી છે. ભગવત્ કૃપાનો આ સિદ્ધાંત વેદમાં કહેલો છે – ‘યમેવૈષ વૃણુતે તેન લભ્યઃ’ – ભગવાન કોઈ સાધન કે કર્મ કરવાથી અથવા જ્ઞાન મેળવવાથી મળતા નથી. ભગવાન જેને પસંદ કરે, તેને મળે છે. ભગવાનની પસંદગીનો આધાર ભગવાનની કૃપા ઉપર છે. કૃપાનો કોઈ કાયદો નથી. ભગવાન જે જીવ

ઉપર કૃપા કરે તે પુષ્ટિ જીવો. પુષ્ટિ એટલે કૃપા. પુષ્ટિનો બીજો અર્થ છે પોષણ. ભગવાન જે જીવોનું પોષણ પોતે કરે એવા ભગવાનથી પોષાતા જીવો તે પુષ્ટિજીવો. પુષ્ટિનો આ મૂળભૂત સિદ્ધાંત છે.

અહીં પ્રશ્ન થાય કે સિદ્ધાંત કોને કહેવાય? સિદ્ધ + અંત એમ બે શબ્દોનો બનેલો શબ્દ સિદ્ધાંત છે. એટલે કે જેનો અંત – આખરી નિર્ણય વેદ વચનોથી સિદ્ધ થાય, પ્રમાણભૂત બને, તેનું નામ સિદ્ધાંત. આવા સિદ્ધાંત કાયમી હોય. સમય બદલાય, સ્થળ બદલાય, વ્યક્તિ બદલાય પણ સિદ્ધાંત ન બદલાય. જેમ સિદ્ધાંત વેદવચનોથી પ્રમાણિત હોય તેમ અનેક લોકોએ આચરણ કરીને તેને સિદ્ધ પણ કરી બતાવ્યો હોય.

આમ આ સ્તોત્રમાં સિદ્ધાંત શબ્દથી શ્રીમહાપ્રભુજી એમ સૂચવે છે કે હું અહીં જે કહી રહ્યો છું તે વેદશાસ્ત્રનો ઈશ્વર તરફથી મળેલો સિદ્ધાંત છે. વેદ ભગવાનના મુખની વાણી છે. શ્રીમહાપ્રભુજી ભગવાનના મુખારવિંદનો અવતાર છે. માટે ઈશ્વર વિચારિત સિદ્ધાંતને શ્રીમહાપ્રભુજી 'સ્વસિદ્ધાંત' કહે છે. પોતાના સિદ્ધાંતોના સ્વરૂપ અને લક્ષણોની સુંદર ફૂલગુંથણી આ 'સિદ્ધાંત મુક્તાવલિ'માં કરી છે. આ ફૂલગૂંથણીને મુક્તાવલી એટલે મોતીની માળા કહી છે, કેમકે છૂટાં મોતીની સુંદરતા અને કિંમત હોય તેના કરતાં માળારૂપે પરોવાયેલાં મોતીની સુંદરતા અને કિંમત અધિક હોય છે.

વળી એકલાં મોતી કોઈ ઉપયોગમાં આવે નહિ, તે વેરાઈ કે ખોવાઈ જવાનો ભય રહે, જ્યારે માળા હોય તો સચવાય અને ઉપયોગમાં લેવાય. આથી પોતાના સિદ્ધાંતોને મોતીની માળાનું રૂપક આપીને શ્રીમહાપ્રભુજી જણાવે છે કે આ સિદ્ધાંતો મોતીની માળા જેવા કિંમતી તો છે જ, પણ તે વેરવિખેર નથી, ગ્રંથ રૂપી તિજોરીમાં મૂકી રાખવાનાં નથી પણ જીવનમાં ઉપયોગમાં લેવા માટેનાં છે. આચરણ માટેનાં છે.

સિદ્ધાંતોનું જો આચરણ ન થાય તો તે અપૂર્ણ કહેવાય. સિદ્ધાંત જાણીને તેને આચરણમાં મૂકાય તો જ તે સિદ્ધાંત સંપૂર્ણ કહેવાય. ક્રિયા વિનાનું કોરું જ્ઞાન ભારરૂપ છે. તેથી શ્રીમહાપ્રભુજીએ આ સ્તોત્રમાં સિદ્ધાંત અને તેનું આચરણ બંને બતાવ્યા છે. શ્રીમહાપ્રભુજીના સિદ્ધાંતોને જાણીને એટલે કે તેમણે બતાવેલા શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદને સમજીને, તેમણે બતાવેલા સેવામાર્ગે ચાલીએ તો જ આચાર-વિચાર બંનેનું પાલન થયું કહેવાય.

વ્રજમાં શ્રીમહાપ્રભુજીના સેવક એક વિરક્ત વૈષ્ણવ અચ્યુતદાસે શ્રીમહાપ્રભુજીને વિનંતી કરી હતી કે 'મહારાજ, મારા ઉપર એવી કૃપા કરો કે હું એકાંતમાં બેસી માનસી સેવા કરું. તેમાં મારું મન પરોવાય.' આ માગણીના જવાબમાં શ્રીમહાપ્રભુજીએ આ 'સિદ્ધાંત મુક્તાવલી' ગ્રંથ રચીને શીખવ્યો. તેના ફળ સ્વરૂપે તેમને તનુ-વિત્તજા સેવા કર્યા વિના સીધી માનસી સેવા સિદ્ધ થઈ. અચ્યુતદાસજી શ્રી ગિરિરાજજીની તળેટીમાં આન્યોર પાસે આવેલા ગોવિંદકુંડની નજીક, પર્વતની એક ગુફામાં માનસી સેવામાં મગ્ન થઈને રહેતા. તેમનાં નેત્રોમાં શ્રીગુસાંઈજીને શ્રીમહાપ્રભુજીનાં દર્શન થતાં, તેથી શ્રીગુસાંઈજી અવારનવાર તેમની પાસે પધારતા.

આ ગ્રંથનો પહેલો શ્લોક ઉપર આપ્યો છે. તેમાં શ્રીમહાપ્રભુજીએ સૌથી પહેલાં શ્રીપ્રભુને નમન કર્યું છે.'નત્વા હરિં'–એટલે શ્રીહરિને નમન કરું છું. આપણે પ્રભુને નમન કરવા સિવાય બીજું શું કરી શકીએ? નમનમાં દીનતાનો ભાવ છે અને દીનતા એ પ્રભુને પ્રસન્ન કરવાનું સાધન છે. તેથી ગ્રંથની શરૂઆત નમનથી કરી છે.

વળી અહીં પ્રભુને માટે 'હરિ' શબ્દ વાપર્યો છે. હરિ એટલે દુઃખ હરનાર. ભગવાન જ સર્વ દુઃખો દૂર કરી શકે છે, માટે શ્રીમહાપ્રભુજી હરિને નમન કરે છે. કારણ કે આ ગ્રંથ રચનામાં જે કંઈ વિઘ્નો આવે, તેનો પ્રભુ નાશ કરે. શ્રીહરિને નમન કરીને શ્રીમહાપ્રભુજી ગ્રંથરચનાનો હેતુ કહે છે કે 'પ્રવક્ષ્યામિ સ્વસિદ્ધાંત વિનિશ્ચયમ્'હું મારો પોતાનો સિદ્ધાંત પૂરેપૂરા નિશ્ચય સાથે કહું છું.

પ્રથમ શ્લોકની બીજી પંક્તિમાં પ્રથમ સિદ્ધાંત આપશ્રી બતાવે છે. 'કૃષ્ણ સેવા સદા કાર્યા' હંમેશા શ્રીકૃષ્ણની સેવા કરવી.

અહીં બે બાબત બતાવી. સેવા કોની કરવી અને ક્યારે કરવી? સેવા શ્રીકૃષ્ણની કરવી, કારણ કે કૃષ્ણને સર્વ શાસ્ત્રોમાં પૂર્ણ પુરુષોત્તમ કહ્યા છે.

વેદમાં બ્રહ્મનું જે સાકાર સ્વરૂપ કહેવામાં આવ્યું છે તેને જ ઉપનિષદો કૃષ્ણ કહે છે. કૃષ્ણ શબ્દનો અર્થ થાય છે : 'સર્વથી વધુ શક્તિમાન અને પૂર્ણાનંદ સ્વરૂપ.' પરબ્રહ્મ પરમાત્મા કૃષ્ણ વેદમાં બતાવ્યા પ્રમાણે જીવોનાં સર્વ પાપોનો નાશ કરી, બધાં દુઃખ દૂર કરી તેમનો ઉદ્ધાર કરનારા છે. આવું સામર્થ્ય બીજા કોઈનામાં નથી. પૂર્ણાનંદ હોવાથી જીવના દુઃખોની નિવૃત્તિ કરી તેમને સર્વ સુખોની પ્રાપ્તિ કરાવનારા છે.

જેમ બરફનું સેવન કરવાથી ઠંડક અને અગ્નિનું સેવન કરવાથી ગરમી અનુભવાય તેમ આનંદ સ્વરૂપ શ્રીકૃષ્ણની સેવા કરવાથી આનંદનો જ અનુભવ થાય. સેવાની ક્રિયામાં આનંદ આવે અને તેનું ફળ પણ આનંદ રૂપ મળે, માટે શ્રીકૃષ્ણની સેવા કરવાનું કહ્યું.

આ સેવા ક્યારે કરવાની? તો કહે છે કે 'સદા' એટલે કે હંમેશા કરવાની. સવારે મંગળાથી રાજભોગ સુધીની અને સાંજે ઉત્થાપનથી શયન સુધીની. આ પ્રમાણેનો ક્રમ નિયમપૂર્વક દરરોજ સાચવવો. કદાચ બંને સમયનો ક્રમ અનુકૂળ ન હોય તો સવારમાં જ મંગળાથી શયન પર્યંતની સેવા પહોંચવી. અનોસરના સમયમાં વૈષ્ણવ જરૂરી દ્રવ્ય કમાવાનું. ખરીદી કરવાનું, અનાજની સાફસૂફી કરવાનું, દળવાનું, ફૂલ ચુંટવાનું, માળાજી સિદ્ધ કરવાનું, આભૂષણ, વસ્ત્ર વગેરે સિદ્ધ કરવાનું એમ જે કંઈ પણ કરે તે પણ આપણા માર્ગમાં સેવા જ ગણાય છે. આમ અપરસમાં થતાં કાર્યો અને અપરસ વગર થતાં પરચારગીનાં કાર્યો બંનેનો સેવામાં સમાવેશ થાય છે. તેથી સેવા હંમેશા - સદા કરવી એવી આજ્ઞા થઈ.

આપણે પ્રભુના દાસ છીએ એવા દાસભાવથી, ગોપીજનો જેવા સ્નેહથી, નિષ્કામ ભાવે હંમેશા શ્રીકૃષ્ણની સેવા કરવી. જ્યારે આપણા શરીર અને આપણા ધનથી સેવા કરતાં કરતાં પ્રભુમાં પ્રેમ, આસક્તિ અને વ્યસનની અવસ્થા સિદ્ધ થાય ત્યારે અંતઃકરણમાં સાક્ષાત્ ભગવાનનો અનુભવ થાય છે. તે સમયે બાહ્ય કોઈ સાધનો કે ક્રિયા વિના કેવળ મનના ભાવથી સેવા થવા લાગે છે. આ માનસી સેવા છે અને તે જ સેવાનું ફળ છે, માટે તેને

શ્રીમહાપ્રભુજી 'પરા' એટલે કે શ્રેષ્ઠ-ઉત્તમ કહે છે. આવી માનસી સેવા અચ્યુતદાસજીને તનુ-વિત્તજા સેવા કર્યા વિના સીધેસીધી પ્રાપ્ત થઈ હતી. રાજા આશકરણજીને સેવા કરતાં કરતાં માનસી સેવા સિદ્ધ થઈ હતી.

આમ શ્રીમહાપ્રભુજીએ આ શ્લોકમાં સ્વસિદ્ધાંત બતાવ્યો કે કૃષ્ણસેવા સદા ભાવપૂર્વક એવી રીતે કરતા રહેવું કે જેથી તે ફલાત્મક માનસી સેવાના રૂપમાં અનુભવાતી થાય. પુષ્ટિમાર્ગનો આ સૌથી મોટો - આદર્શ સિદ્ધાંત છે.

શ્લોક : ૨

ચેતસ્તત્પ્રવણં સેવા, તત્સિદ્ધ્યૈ તનુવિત્તજા ।
તતઃ સંસારદુઃખસ્ય નિવૃત્તિર્બ્રહ્મબોધનમ્ ॥૨॥

શબ્દાર્થ :

ચેતસ્ = ચિત્તનું, **તત્પ્રવણં** = તેમાં (શ્રીકૃષ્ણમાં) પ્રવણં એટલે પરોવવું તે, **સેવા** = સેવા છે, **તત્સિદ્ધ્યૈ** (તત્+સિદ્ધ્યૈ) **તત્** = તેની, **સિદ્ધ્યૈ** = સિદ્ધિ માટે, **તનુવિત્તજા** = શરીર અને ધનથી થતી સેવા છે. **તતઃ** = તેનાથી, **સંસારદુઃખસ્ય** = સંસારના દુઃખોની, **નિવૃત્તિઃ** = શાંતિ (થાય છે) **બ્રહ્મબોધનમ્** = બ્રહ્મનું જ્ઞાન થાય છે.

શ્લોકાર્થ :

શ્રીકૃષ્ણમાં ચિત્તનું પરોવાવું તે સેવા છે. તેની સિદ્ધિ માટે શરીર અને ધનનો એક સાથે ઉપયોગ કરીને સેવા કરવી. તેનાથી સંસારના દુઃખોની શાંતિ થાય છે અને બ્રહ્મનું જ્ઞાન થાય છે.

સમજૂતિ :

'સિદ્ધાંત મુક્તાવલી' ગ્રંથના આ બીજા શ્લોકમાં શ્રીમહાપ્રભુજીએ પુષ્ટિમાર્ગનો સેવાનો સિદ્ધાંત સમજાવ્યો છે. પ્રથમ શ્લોકમાં કહ્યું કે હંમેશા શ્રીકૃષ્ણની સેવા કરવી. આ બીજા શ્લોકમાં બતાવે છે કે સેવા કઈ રીતે કરવી અને તે કરવાથી શું ફળ મળે છે.

આપશ્રી સમજાવે છે કે **ચેતસ્તત્પ્રવણં સેવા** – જેમ જળમાં ખાંડ ઓતપ્રોત થઈ જાય, એમ આપણું ચિત્ત સેવા કરતાં કરતાં શ્રીઠાકોરજીમાં ઓતપ્રોત થઈ જાય, આપણું મન આજુબાજુના વાતાવરણથી અસર પામ્યા વિના સેવામાં પૂરેપૂરું એકાગ્ર થઈ જાય ત્યારે તે 'સેવા' કહેવાય. ચિત્ત પ્રભુમાં ન લાગે તો એ સેવા નહિ, પણ ફક્ત ક્રિયા બની રહે છે. મન સેવામાં લાગે તો સેવામાં આનંદ આવે છે. કારણ મન પ્રભુમાં તલ્લીન થાય છે. ચિત્તની પ્રવણતા – ચિત્ત પ્રભુમાં પરોવાય એ સાચી સેવા છે અને તે સુખ આપનારી છે. કેવળ ક્રિયા કંટાળાજનક બને, ભારરૂપ બને, પણ સ્નેહથી મનની એકાગ્રતાપૂર્વક સેવા થાય તો પ્રસન્નતા આપનારી બને છે.

આપણને અહીં પ્રશ્ન થાય કે મનની એકાગ્રતા સેવામાં કેવી રીતે થાય? સેવા અથવા સ્મરણ કરીએ છીએ તે સમયે મનમાં તો અનેક વિચારો આવે છે. ચિત્ત સેવામાં ચોંટતું નથી. તેને માટે શ્રીમહાપ્રભુજી ઉપાય બતાવે છે કે **'તત્સિદ્ધયે તનુવિત્તજા'** સેવામાં મન લાગે તે માટે સેવા આપણા શરીરથી અને આપણા પોતાના ધનથી કરવી.

સેવામાં રાગ–ભોગ–શૃંગારનો વિનિયોગ કરવાથી શરીરથી સેવા થાય છે. પ્રભુ માટે વિવિધ પ્રકારની સામગ્રી સિદ્ધ કરવી, કીર્તન કરવાં, પ્રભુને સ્નાન કરાવવું, શૃંગાર કરવા વગેરેથી ચિત્ત પણ સેવામાં એકાગ્ર થાય છે. સેવામાં વિવિધ કલાઓનો વિનિયોગ કરવાથી ચિત્ત પ્રભુમય બને છે. સેવા પ્રભુના સુખનો વિચાર કરીને કરવાથી મન પ્રફુલ્લિત અને સેવામય બને છે.

સેવા માટે 'તનુવિત્તજા' શબ્દ અહીં શ્રીમહાપ્રભુજી આપે છે. તનુ એટલે તન અને વિત્ત એટલે ધન. આપણા પોતાના શરીર અને પોતાના ધનથી સેવા કરવાની છે. આવી સેવા ફક્ત ઘરમાં જ થાય, તેથી શ્રીમહાપ્રભુજીએ વૈષ્ણવોને ગૃહસેવાનો પ્રકાર બતાવ્યો. દરેક વૈષ્ણવે બ્રહ્મસંબંધ લીધા પછી શ્રીઠાકોરજી પધરાવી, પોતાના પરિવાર સાથે રહી, ઘરમાં પ્રભુની સેવા કરવી એવી આજ્ઞા કરી, જેથી વૈષ્ણવ અને ઘરના બધાં પોતાના શરીર અને પોતાના દ્રવ્યથી શ્રીઠાકોરજીની સેવા કરે. બીજા કોઈ સંપ્રદાયમાં આ પ્રકારની

ગૃહસેવાની રીત નથી, પરંતુ આપણને શ્રીમહાપ્રભુજીએ સેવાનો આ વિશિષ્ટ દૃષ્ટિકોણ આપ્યો છે.

શા માટે ઘરમાં રહીને સેવા કરવાની? એવો પ્રશ્ન થાય તો તેનો જવાબ એ છે કે આપણી પુષ્ટિભક્તિ પ્રેમલક્ષણા ભક્તિ છે. શ્રીઠાકોરજીની સેવા આપણે બાલભાવથી કે માધુર્યભાવ એટલે ગોપીજનો જેવો પ્રેમ આ બંને ભાવની સેવા એટલે કે પ્રભુને પોતાના લાડકવાયા લાલન માનીને થતી સેવા કે પ્રભુ ને પોતાના પ્રિયતમ માનીને થતી સેવા, બંને જાહેરમાં પ્રદર્શિત કરવાની બાબત નથી, પણ આપણી અંગત લાગણીઓ છે. આવી અંગત લાગણીઓ ઘરમાં જ અભિવ્યક્ત થઈ શકે. જાહેરમાં નહિ. આથી જ ગોપીજનો પ્રભુનાં દર્શન કરવા નંદાલયમાં જતાં પણ લાલાને લાડ તો પોતાના ઘેર પધરાવીને કે વનની નિકુંજમાં પધરાવીને એકાંતમાં લડાવતાં. તેઓ બધાં ભેગાં થઈને સેવા નહોતાં કરતાં. આથી જ આપણે ત્યાં ગૃહસેવાનો પ્રકાર આવ્યો.

વળી આ સેવા પ્રભુના સુખના વિચારથી કરવાની છે. જો મન વિના, ફરજ તરીકે જ સેવા કરવામાં આવે તો તે એક ક્રિયા બની જાય, પરંતુ ભાવપૂર્વક, ચિત્તની પ્રવણતા થાય તે રીતે સેવાની દરેક ક્રિયા કરવામાં આવે તે તે સેવા બની જાય છે. સેવામાં સાધનોની મહત્તા નથી પણ ભાવની મહત્તા છે. પ્રેમપૂર્વક રંચક સામગ્રી ધરાય તો પ્રભુ તેને છપ્પનભોગ માનીને પ્રસન્નતાથી અંગીકાર કરે છે.

સેવામાં દાસભાવ અને નિઃસાધનતાનો ભાવ, દીનતા પણ જરૂરી છે. આપણી શક્તિ મુજબ શ્રીઠાકોરજીને વધુમાં વધુ લાડ લડાવ્યા પછી પણ મનમાં તેનું અભિમાન ન આવે, મનમાં એવો તાપ રહે કે મારાથી કંઈ બનતું નથી. તો આ નિઃસાધનતાનો ભાવ છે. તેનાથી દીનતા આવે છે. અભિમાન જાગતું નથી. ચિત્તની પ્રવણતા માટે આવો નિઃસાધન ભાવ ઘણી મદદ કરે છે.

વળી આ સેવા પોતાના શરીરની જેમ પોતાના ધનથી કરવાની છે. બીજાના પૈસા લઈને કે બીજાને પૈસા આપીને કરાતી સેવા એ સાચી સેવા નથી.

એકલા ધનથી થતી સેવા એટલે કે પગારદાર નોકરોથી કરાવાતી સેવા અથવા માત્ર પૈસા આપી દેવાથી, તે સેવા બનતી નથી. માટે જ સેવામાં પોતાનું તન અને પોતાનું ધન બંને સાથે વાપરવાનો શ્રી મહાપ્રભુજીનો સિદ્ધાંત છે. તો જ સેવામાં ચિત્તની પ્રવણતા થાય.

આમ શ્રીમહાપ્રભુજીએ ‘તનુવિત્તજા’ સેવાની આજ્ઞા કરી. શ્રીગુસાંઈજીએ આ શબ્દને પૂરેપૂરી રીતે સ્પષ્ટ કરતાં આજ્ઞા કરી : ‘પોતાના ઘરમાં, પોતાના શરીર અને પોતાના દ્રવ્યથી, પોતાના ઘરમાં બિરાજતા પ્રભુની, પોતાના પરિવાર સહિત થતી સેવા તે તનુવિત્તજા સેવા છે.’

આવી સેવા કરવાથી શું ફળ મળે તે બાબત શ્રીમહાપ્રભુજી આ શ્લોકની બીજી પંક્તિમાં સમજાવે છે.

આપશ્રી કહે છે કે આ રીતે સેવા કરવાથી સંસારના દુઃખોની નિવૃત્તિ થાય છે અને બ્રહ્મનું જ્ઞાન થાય છે. આમ સેવાનું ફળ બતાવ્યું.

તમે કહેશો કે આપણે ત્યાં તો સેવા નિષ્કામ ભાવથી કરવાની છે. સેવા કરીને કોઈ ફળની આશા રાખવાની નથી, તો પછી સેવાનાં આ આ બે ફળ કેમ બતાવ્યાં? વળી એમ પણ કહેવાય છે કે સેવાનું ફળ સેવા છે. આ લોકમાં અને પરલોકમાં પણ પ્રભુની સેવા આપણાથી થતી રહે એ જ સેવાનું ફળ છે. તો પછી બીજા ફળની શી જરૂર?

કોઈને ક્રિકેટ રમવાનો શોખ હોય તો એ પોતાના આનંદ માટે રમે છે. તેનાથી બીજા કોઈને લાભ થાય એ વિચારથી તે રમતો નથી, છતાં રમવાની બીજી અસરો તો થાય જ છે. જેમકે વ્યાયામ મળે, તંદુરસ્તી જળવાય, ભૂખ લાગે, કંટાળો દૂર થાય વગેરે. આ બધા રમવાના ગૌણ લાભ છે. મુખ્ય લાભ તો આનંદ મળે તે છે.

તેવી જ રીતે સેવામાં પણ છે. સેવા એટલા માટે કરવાની તેનાથી આપણા સ્વામી પ્રભુને સુખ થાય. સેવા કરનાર પ્રભુ પાસે કોઈ વસ્તુની અપેક્ષા રાખતો નથી, છતાં પણ એને બીજા લાભ થાય જ છે. કયા લાભ, કેવી રીતે થાય તે સમજીએ.

શ્રી મહાપ્રભુજી બીજા શ્લોકની બીજી પંક્તિમાં તે સમજાવે છે, **તતઃ સંસારદુઃખસ્ય નિવૃત્તિર્બ્રહ્મબોધનમ્** સેવાનો આ આડલાભ છે, સંસારના દુઃખો નિવૃત્ત થાય છે અને બ્રહ્મનું જ્ઞાન થાય છે.

અહીં ‘સંસાર શબ્દનો અર્થ સમજવા જેવો છે. સંસાર એટલે દુનિયા-જગત નહિ, પરંતુ સંસાર એટલે આપણા મનથી માનેલ અહંતા-મમતાનું મિથ્યા જ્ઞાન. અહંતા મમતા એટલે પ્રપંચ. પ્રપંચ એટલે છેતરપિંડી. અહંતા એટલે હું-બધું હું કરું છું તેવું અભિમાન અને મમતા એટલે મારું. આ બધું મારું છે એવું માનવું. આવું માનીને આપણે આપણી જાત સાથે છેતરપિંડી કરીએ છીએ. કારણ કે દુનિયામાં જે કાંઈ થાય છે તે આપણી શક્તિથી થતું નથી. ભગવાન કરાવે તેટલું જ થાય છે. વળી આપણે જગતની જે વસ્તુઓને આપણી માની તેમાં મમતા રાખીએ છીએ, તે પણ ખોટું છે, કારણ કે આ દુનિયામાં આપણે આવ્યા ત્યારે કંઈ પણ લઈને આવ્યા ન હતા અને જઈશું ત્યારે પણ બધું જ મૂકીને જવાનું છે.’

પણ આપણે આ વાત ભૂલી જઈને અહંતા-મમતામાં સપડાઈએ છીએ. ડગલે ન પગલે આ કારણે આપણા ઉપર દુઃખ આવે છે. અહંતા-મમતા ન સંતોષાતા, દુઃખ થાય છે. આમ મોટા ભાગના દુઃખોનું મૂળ આપણી અહંતા મમતા છે. અહંતા-મમતા દૂર થાય તો દુઃખ પણ દૂર થઈ જાય.

આ બંને દૂર કરવાનો ઉપાય શું? અહંતા-મમતા કોઈપણ રીતે પૂરેપૂરી દૂર થઈ શકતી જ નથી. તેથી તેના પ્રભાવને વશ કરવાનો સરળ રસ્તો બતાવ્યો. ભગવદ્સેવાનો. સેવામાં દીનતાપૂર્વક આપણા શરીરના વિનિયોગથી આપણી અહંતા પ્રભુ સાથે જોડાય છે, હું પ્રભુનો દાસ છું, એવી ભાવનાથી સેવા થતાં, ધન, પરિવાર, ઘર વગેરે પણ સેવામાં વપરાતાં તેમાંથી પણ મમતા છૂટતી જાય છે અને આ બધું નહિ પણ પ્રભુ જ માત્ર મારા છે એવી ભાવના વધતી જાય છે.

સેવા દ્વારા આપણા હૃદયમાં એવો ભાવ દૃઢ થતો જાય છે કે હું પ્રભુનો દાસ છું. પ્રભુ મારા સ્વામી છે. મારું જીવન મારા પ્રભુ માટે છે. પ્રભુની સેવા એજ મારું સુખ છે. આવી સાચી સમજ સેવા કરતાં કરતાં દૃઢ થતી જાય છે. પરિણામે અહંતા-મમતાને કારણે જેને આપણે દુઃખ માનતાં હતાં, તે હવે આપણને દુઃખ લાગતાં નથી, એ દુઃખ આપણને દુઃખી કરતાં નથી, એનું નામ દુઃખ નિવૃત્તિ, દુઃખ તો રહે પણ મનની વૃત્તિ બદલાઈ જતાં તે દુઃખ આપણને પીડા કરે નહિ.

સેવા કરતાં મન લૌકિક મટી અલૌકિક બની જાય. મન લૌકિકમાંથી નીકળી જાય એટલે સ્વચ્છ બને એટલે તેમાં પ્રભુનું સ્વરૂપ ઝીલાય અને સમજાય, પ્રભુનું સ્વરૂપ સમજાય એ જ 'બ્રહ્મબોધનમ્' - પ્રભુને સમજવાની અલૌકિક દૃષ્ટિ.

આમ આપણે સમજ્યાં કે 'હું' અને 'મારું' એ અહંતા-મમતા છે. એને સંસાર કહેવાય છે. વાસ્તવમાં આ બંને મિથ્યા છે - ખોટાં છે, કારણ કે આપણે આપણી ઈચ્છાથી કાંઈ કરી શકતાં નથી, આ જગતમાં આપણું પોતાનું કાંઈ જ નથી. અજ્ઞાનને કારણે આપણે બધું આપણું માનીએ છીએ. એને કારણે બધાં દુઃખ આવે છે.

ભગવદ્ ભક્તો તેથી જ અહંતા-મમતાને પ્રભુને સમર્પિત કરી દે છે.

સેવા કરવાથી, બધું પ્રભુને સમર્પિત કરવાથી, 'હું પ્રભુનો દાસ છું' એવી ભાવનાથી 'હું' પણાનું અભિમાન કે મારાપણાનું મમત્વ આપણને દુઃખી કરતું નથી. આમ સેવા કરવાથી સંસારના દુઃખોની નિવૃત્તિ થાય છે.

દુઃખ ચાલ્યું જાય એટલું પૂરતું નથી. સાથે સુખ પણ મળવું જોઈએ. સેવા કરવાથી વૈષ્ણવને એવું જ્ઞાન થાય છે કે આખા જગતમાં પરમાત્મા રહેલા છે. એ પરમાત્માની-જગદીશની સેવા એને મળી છે. હવે એ પ્રભુ જ સર્વસ્વ છે. બીજી કોઈ વસ્તુ મેળવવાની બાકી નથી. આમ પ્રભુનું સાચું સ્વરૂપ અને ગુણોનું જ્ઞાન થાય એ જ સુખ છે. એની પ્રાપ્તિ ભગવદ્સેવાથી થાય છે. જો લૌકિક દુઃખો આપણને સતાવે નહિ અને ભગવદ્ સ્વરૂપનું જ્ઞાન થાય તો સમજી લેવું કે આપણી સેવા સાચી છે. આ બે ન થાય તો માની લેવું કે બધી સેવા નકામી ગઈ છે.

શ્લોક : ૩

પરં બ્રહ્મ તુ કૃષ્ણો હિ, સચ્ચિદાનંદકં બૃહત્ ।
દ્વિરૂપં તદ્ધિ સર્વં સ્યાદેકં, તસ્માદ્ વિલક્ષણમ્ ॥૩॥

શબ્દાર્થ :

પરં બ્રહ્મ = પરબ્રહ્મ, **તુ** = તો, **કૃષ્ણો (કૃષ્ણઃ)** = કૃષ્ણ, **હિ** = જ (છે.) **સચ્ચિદાનંદકમ્ (સત્+ચિત્+આનંદ+કમ)**=સત્ ચિત્ અને અલ્પ આનંદવાળું, **બૃહત્** = અક્ષરબ્રહ્મ, **દ્વિરૂપં** = બે રૂપવાળું છે, **તદ્ધિ (તત્+હિ)** = **તત્** = તે (અક્ષરબ્રહ્મ), **હિ** = ચોક્કસ, **સર્વમ્** = સર્વ (જગતરૂપ), **સ્યાત્** = છે, **એકમ્** = એક, **તસ્માત્** = તેનાથી, **વિલક્ષણમ્** = જુદું છે.

શ્લોકાર્થ :

પરબ્રહ્મ તો શ્રીકૃષ્ણ જ છે, અક્ષરબ્રહ્મ સત્, ચિત્ અને અલ્પ (ગણી શકાય તેટલા) આનંદવાળું છે, તે અક્ષરબ્રહ્મ ચોક્કસ બે સ્વરૂપવાળું છે, એક સર્વ જગતરૂપ છે, બીજું તેનાથી વિલક્ષણ છે.

સમજૂતિ :

શ્રીમહાપ્રભુજી સિદ્ધાંત મુક્તાવલી ગ્રંથના આ ત્રીજા શ્લોકમાં સમજાવે છે કે આપણે જેમની સેવા કરીએ છીએ તે કૃષ્ણ કોણ છે? કૃષ્ણની સેવા શા માટે કરવાની?

આપશ્રી આજ્ઞા કરે છે કે 'પરંબ્રહ્મ તુ કૃષ્ણો હિ'. કૃષ્ણ પરબ્રહ્મ છે. પૂર્ણ પુરુષોત્તમ છે. પરમાત્મા છે. જે પરમ તત્ત્વ આખા બ્રહ્માંડના કણકણમાં વ્યાપીને રહેલ છે તે તત્ત્વને વેદમાં 'બ્રહ્મ' કહેવામાં

આવ્યું છે. 'બૃહત્' શબ્દ ઉપરથી 'બ્રહ્મ' શબ્દ બન્યો છે. જે સર્વવ્યાપી છે તે બ્રહ્મ.

બ્રહ્મ નિરાકાર છે અને અનેક રૂપ અને નામ ધારણ કરીને સાકાર પણ બને છે. તે જ રીતે તેઓ કૃષ્ણ સ્વરૂપે અવતાર લઈ નંદનંદન બન્યા છે, તેઓ 'પરં' એટલે કે સર્વશ્રેષ્ઠ છે. પૂર્ણાનંદ છે. તેઓ એવા પૂર્ણ છે કે તેમનામાંથી બધું 'પૂર્ણ' લઈ લેવામાં આવે તોયે તે પૂર્ણ જ રહે. તેમનું સામર્થ્ય અને તેમનો આનંદ અમાપ છે, અગણિત છે.

અન્ય દેવોમાં સામર્થ્ય અને આનંદ મર્યાદિત છે, કારણ કે તેઓ પ્રભુના અંશાવતાર છે. દેવો પ્રાકૃત એટલે કે પ્રકૃતિને વશ છે, સગુણ છે, જ્યારે પરમાત્મામાં પ્રકૃતિના કોઈ ગુણો-સત્વ, રજસ્, તમસ્, જેવા ગુણો નથી. તેમનામા ઐશ્વર્ય, વીર્ય, યશ, શ્રી જ્ઞાન અને વૈરાગ્ય જેવા છ દિવ્ય ગુણો છે. માત્ર પરમાત્મામાં જ આ ગુણો પૂર્ણ રૂપે છે.

પરમાત્મા સમગ્ર સૃષ્ટિના સર્જક અને નિર્માતા છે. જીવો પણ પરમાત્માના જ અંશ છે. તેઓ આદિ અને અનંત છે. તેમની સમાન અન્ય કોઈ નથી. આમ પરમાત્માની-કૃષ્ણની સર્વોપરિતા બતાવવા માટે શ્રીમહાપ્રભુજીએ અહીં 'તુ' અને 'હિ' એ બે ભારવાચક અવ્યયો વાપરીને કહ્યું 'પરબ્રહ્મ તુ કૃષ્ણો હિ'. આમ કહીને બ્રહ્મનું સ્વરૂપ, ગુણો અને સામર્થ્ય તથા લીલા બતાવી દીધાં અને કૃષ્ણની જ સેવા કમ કરવાની એ પ્રશ્નનો જવાબ પણ આપી દીધો.

હવે શ્રીમહાપ્રભુજી અક્ષરબ્રહ્મનો પરિચય કરાવે છે. આપશ્રીએ અક્ષરબ્રહ્મનું સ્વરૂપ સમજાવવા માટે બે શબ્દોનો ઉપયોગ કર્યો છે.

'સચ્ચિદાનંદકં બૃહત્'

બૃહત્ એટલે વ્યાપક. જેમ બ્રહ્મ સર્વવ્યાપક છે, તેમ અક્ષરબ્રહ્મ પણ સર્વવ્યાપક છે. બ્રહ્મ નિરાકાર છે, તેમ અક્ષરબ્રહ્મ પણ નિરાકાર છે.

પરમાત્માએ પોતાને બિરાજવાના દિવ્ય સ્થાન તરીકે તેને પોતાનામાંથી જ પ્રગટ કર્યું છે. પુરાણોમાં તેને વ્યાપિ વૈકુંઠ અથવા ગોલોકધામ પણ કહ્યું છે.

ક્ષર એટલે કે નાશવંત, અક્ષર એટલે કે નાશવંત નથી તે, જગત ક્ષર છે. પ્રલયકાળ આવે ત્યારે આખા જગતનો તિરોભાવ થાય છે, પણ આ અક્ષરબ્રહ્મનો તિરોભાવ થતો નથી, તે અખંડ અને સનાતન છે, તે બ્રહ્મનું આધ્યાત્મિક સ્વરૂપ છે, માટે તેને અક્ષરબ્રહ્મ કહેવાય છે, શ્રીમહાપ્રભુજીએ આ અક્ષરબ્રહ્મ માટે અહીં 'બૃહત્' શબ્દ વાપર્યો છે, કારણ કે તે સર્વવ્યાપક છે.

બ્રહ્મ સત્, ચિત્ અને આનંદમય છે, તે જ રીતે અક્ષરબ્રહ્મ પણ આ ત્રણ ગુણોથી યુક્ત છે. ફરક એટલો છે કે ભગવાન 'સચ્ચિદાનંદ' છે જ્યારે અક્ષરબ્રહ્મ 'સચ્ચિદાનંદકમ્' છે. સંસ્કૃતમાં 'ક' અધૂરપ-ઉણપ દર્શાવવા વપરાય છે, તેથી સચ્ચિદાનંદકમ્‌નો અર્થ થાય કે જેનામાં સત્ અને ચિત્ પૂરેપૂરા છે, પણ આનંદ મર્યાદિત છે, ઓછો છે, અલ્પ પ્રમાણમાં છે, જ્યારે પરમાત્મામાં જે આનંદ છે તે પરમાનંદ, પૂર્ણાનંદ છે, તેથી શ્રીમહાપ્રભુજી પરમાત્માના આનંદને ન ગણી શકાય એટલો, એટલે કે અગણિતાનંદ કહે છે. અક્ષરબ્રહ્મનો આનંદ મર્યાદિત હોવાથી ગણી શકાય છે, તેથી તેને ગણિતાનંદ કહે છે, આમ અક્ષરબ્રહ્મમાં આનંદ ઓછો હોવાથી તેને સચ્ચિદાનંદકમ્ કહ્યું.

વેદની શ્રુતિઓએ અક્ષરબ્રહ્મનું વર્ણન કરતાં એમ કહ્યું કે તે પરમ તેજરૂપ છે. તેમાંથી જ આખું જગત અને જીવસૃષ્ટિ પ્રગટ થઈ છે, એ બધાં પાછાં તેમાં જ તિરોહિત થાય છે, તે પરમ બ્રહ્મનું પરમ ધામ છે, જ્ઞાનીઓ દિવ્ય તેજરૂપે સમાધિમાં તેનો અનુભવ કરે છે. જ્ઞાનીઓ, યોગીઓ વગેરેને મૃત્યુ પછી મોક્ષ મળે ત્યારે એ આત્માઓનો લય આ અક્ષરબ્રહ્મમાં થાય છે.

જેમ અક્ષરબ્રહ્મમાંથી જીવસૃષ્ટિ પ્રકટ થઈ છે, તેમ એમાંથી અંતર્યામી સ્વરૂપ પણ પ્રકટ થઈ, પ્રાણીમાત્રના હૃદયમાં બિરાજે છે. યોગીઓ અને જ્ઞાનીઓ અક્ષરબ્રહ્મની ઉપાસના કરે છે, તેથી તે તેમનું મુક્તિસ્થાન છે. તે જગતથી વિલક્ષણ હોવાથી તેને વિલક્ષણ સ્વરૂપનું કહ્યું છે.

આ અક્ષરબ્રહ્મનાં બે રૂપ છે, પહેલું રૂપ તે અક્ષરબ્રહ્મ પોતે અને બીજું રૂપ તે આ જગત છે. ભગવાને જ્યારે પોતાના આનંદ માટે એકમાંથી અનેક થવાનો વિચાર કર્યો ત્યારે પોતાના રહેવાના સ્થાન એવા અક્ષરબ્રહ્મમાંથી આ જડ-ચેતન સૃષ્ટિવાળું જગત પ્રગટ કર્યું.

અક્ષરબ્રહ્મ પરમાત્માનું આધ્યાત્મિક સ્વરૂપ છે, તો આ જગત તેમનું આધિભૌતિક સ્વરૂપ છે, અક્ષરબ્રહ્મમાં પરમાત્માના સત્, ચિત્ અને આનંદ અંશ રહેલા છે, જ્યારે જગતમાં સત્ અને ચિત્ અંશો જ છે, આનંદ અંશ નથી, માટે અક્ષરબ્રહ્મમાંથી તે પ્રગટ થયું હોવા છતાં આ જગત અક્ષરબ્રહ્મથી 'ઊન' જણાય છે.

તેથી ગીતાજીમાં જગતને ક્ષર કહ્યું છે. ક્ષર એટલે નાશવંત, જગત કાયમી નથી. તેના બધાં નામરૂપો પ્રગટ થાય છે અને પાછાં તિરોભાવ પામે છે, પ્રલય થાય ત્યારે તેઓ નાશ પણ પામે છે.

જગતમાં જડ ને ચેતન બે પ્રકારની સૃષ્ટિ રહેલી છે. બંને સૃષ્ટિમાં પરમાત્માનો આનંદ અંશ લુપ્ત છે. જડસૃષ્ટિમાં પરમાત્માનો સદંશ રહેલો છે. જ્યારે ચેતન સૃષ્ટિમાં પરમાત્માનો ચિદંશ રહેલો છે.

આમ આ શ્લોકમાં શ્રીમહાપ્રભુજીએ અક્ષરબ્રહ્મ અને જગતનાં સ્વરૂપનો આપણને પરિચય કરાવ્યો.

શ્લોક : ૪

અપરં તત્ર પૂર્વસ્મિન્, વાદિનો બહુધા જગુઃ ।
માયિકં સગુણં કાર્યં, સ્વતંત્રં ચેતિ નૈકધા ॥૪॥

શબ્દાર્થ :

અપરં = બીજા, ભિન્ન; **તત્ર** = તેમાં, **પૂર્વસ્મિન્** = પહેલાં કહેલાં (જગત) વિશે; **વાદિનો (વાદિનઃ)** = વિવાદ કરનારા; **બહુધા** = ઘણા પ્રકારે, **જગુઃ** = કહે છે, **માયિકં** = (માયાવાદી) માયાનું બનાવેલું કહે છે.

સગુણં = (સાંખ્યવાળા) ગુણોનું કાર્ય કહે છે. **કાર્ય** = (નૈયાયિક) ઈશ્વરનું કાર્ય કહે છે. **સ્વતંત્રં** (મીમાંસક) અનાદિ કાળથી આવું જ છે; એમ કહે છે; **ચેતિ** (ચ+ઈતિ) અને આમ; **નૈકધા (ન+એકધા)** = એક પ્રકારે ન કહેતાં અનેક પ્રકારે કહે છે.

શ્લોકાર્થ :

આગળ કહેલા જગત વિશે વિવાદ કરનારા તેની ઉત્પત્તિ વેદના સાચા મતથી વિરુદ્ધ જુદા-જુદા પ્રકારે બતાવે છે, માયાવાદીઓ કહે છે કે તે માયાનું બનેલું છે, સાંખ્યમતવાળા તેને ગુણોનું કાર્ય કહે છે. નૈયાયિકો તેને ઈશ્વરનું કાર્ય કહે છે. મીમાંસકોના મતે તે અનાદિ કાળથી આવું જ - અકર્તા - છે. આમ જગત વિશે વિવિધ મત છે.

સમજૂતિ :

શ્રીમહાપ્રભુજીએ આગળના શ્લોકોમાં પરબ્રહ્મ પુરુષોત્તમ, અક્ષરબ્રહ્મ અને જગતનું સ્વરૂપ સમજાવ્યું. હવે આ ચોથા શ્લોકમાં બતાવે છે કે આ જગતના પ્રકટ થવા વિશે અનેક વિચારકોએ અનેક મત-અનેક વિચારો રજૂ કર્યા છે. 'વાદિનો બહુધા જગુઃ' એટલે કે વિવાદ કરનારા અનેક પ્રકારે કહે છે.

વિચારકોનો એક સમૂહ માયાવાદીઓનો છે. તેઓ કહે છે કે જગતની રચના પરમાત્માની માયા નામની એક શક્તિએ કરેલી છે. તેથી જગત માયામાંથી બનેલું છે. માયા અજ્ઞાન ફેલાવનારી છે. અજ્ઞાન મિથ્યા છે, માટે આ જગત પણ મિથ્યા છે, માયાવી છે, અસત્ય છે, તે કોઈ જાદુગરની

જાદુઈ નગરી અથવા સ્વપ્ન જેવું છે. જે આંખે દેખાતું હોવા છતાં છેતરનારું હોય તેવું છે.

વિચારકોનો બીજો સમૂહ સાંખ્ય મતમાં માનનારાઓનો છે. તેઓ એમ કહે છે કે જગત સગુણ છે. અર્થાત્ પ્રકૃતિના ગુણોથી બનેલું છે. પુરુષમાં પ્રકૃતિ રહેલી છે. પુરુષ અને પ્રકૃતિના સંયોગથી જગતનું નિર્માણ થયું છે. પ્રકૃતિના મુખ્ય ત્રણ ગુણ - સત્ત્વ, રજસ્ અને તમસ્ છે. આ ત્રણ ગુણોનો વિસ્તાર એટલે જગત છે.

ત્રીજા વિચારકો મીમાંસકો છે. તેઓ કહે છે કે આ જગત સ્વતંત્ર છે. આવું જગત કોઈ વખતે હતું નહિ, જેવું તમે કર્મ કરો એવું તમને બીજા જન્મમાં રૂપ મળે છે. માટે જગત કર્મ પ્રમાણે બદલાતું રહે છે.

ચોથો મત ન્યાયશાસ્ત્રમાં માનનારા નૈયાયિકોનો છે. તેઓ કહે છે કે જગત ઈશ્વરનું કાર્ય છે. ઈશ્વર તેનું કારણ છે. કારણમાંથી કાર્યની ઉત્પત્તિ થાય છે, તેથી ઈશ્વરથી આ જગત ઉત્પન્ન થયું છે. આ મતને વૈશેષિક દર્શન પણ કહેવામાં આવે છે.

ઉપર બતાવેલા ચારે મતો વેદશાસ્ત્રનો સ્વીકાર કરનારા આસ્તિક દર્શનના મત છે. આ ચારે મત વેદનો પ્રમાણ તરીકે સ્વીકાર કરે છે. વેદની શ્રુતિઓનું અર્થઘટન તેમણે પોતાના મત પ્રમાણે કરેલું હોવાથી જગતની બાબતમાં તેમના મત આ રીતે જુદા પડે છે.

શ્રીમહાપ્રભુજી આ ચારે મત બતાવ્યા પછી 'ચ' શબ્દથી અન્ય મતોનો નિર્દેશ કરે છે. આ અન્ય મતો વેદને પ્રમાણ તરીકે સ્વીકારતા નથી. તે છે ચાવાર્ક, જૈન, બૌદ્ધ વગેરે. વેદને સ્વીકારતા ન હોવાથી તેમનો અહીં પરોક્ષરૂપે જ ઉલ્લેખ કર્યો છે.

આ બધા મતો બતાવવા પાછળ શ્રીમહાપ્રભુજીનો હેતુ પોતાનો મત આપણા હૃદયમાં દૃઢ કરવાનો છે. એકવાર એ દૃઢ થઈ જાય પછી બીજા મતોના ભ્રમમાં આપણે ગુંચવાઈએ નહિ.

આમ આ શ્લોકમાં શ્રીમહાપ્રભુજીએ સનાતન ધર્મના જુદા જુદા વિચારકોના જગત વિશેના મત બતાવ્યા. હવે આગળના શ્લોકમાં શ્રીમહાપ્રભુજી પોતાના મત બતાવશે, જે વેદ આધારિત છે. અક્ષરબ્રહ્મ અને જગત વિશેનો એ મત શ્રીમહાપ્રભુજીએ સ્વીકારેલો મત હોવાથી આપણે તેને શ્રીવલ્લભવિચાર અથવા શ્રીવલ્લભ-દર્શન કહી શકીએ.

શ્લોક : ૫

તદેવૈતત્ પ્રકારેણ ભવતીતિ શ્રૃતેર્મતમ્ ।
દ્વિરૂપં ચાપિ ગંગાવજ્જ્ઞેયં સા જલરૂપિણી ॥૫॥

શબ્દાર્થ :

તદેવૈતત પ્રકારેણ (તત્ + એવ + એતત્ + પ્રકારેણ) = તે (અક્ષરબ્રહ્મ) જ આ પ્રકારે (જગત્ રૂપે); **ભવતીતિ** (ભવતિ + ઈતિ) = થયેલ છે એવો; **શ્રૃતેર્મતમ્** (શ્રૃતેઃ + મતમ્) = શ્રૃતિ (વેદ)નો મત છે; **દ્વિરૂપં** = બે રૂપવાળું; **ચાપિ** (ચ + અપિ) = અને પણ; ગંગાવત્ = ગંગાજીની જેમ; **જ્ઞેયમ** = જાણવું, **સા** = તે; **જલરૂપિણી** = જલરૂપા છે.(૫)

શ્લોકાર્થ :

તે અક્ષરબ્રહ્મ જ જગતરૂપે થયેલ છે, એવો વેદની શ્રૃતિઓનો મત છે. બે સ્વરૂપવાળા અક્ષરબ્રહ્મને પણ ગંગાજીની જેમ જાણવું. તે ગંગાજી જલરૂપા છે.(૫)

સમજૂતિ :

શ્રીમહાપ્રભુજી આ શ્લોકમાં સમજાવે છે કે બ્રહ્મમાંથી અક્ષરબ્રહ્મ ઉત્પન્ન થયું છે અને અક્ષરબ્રહ્મમાંથી જગત ઉત્પન્ન થયું છે. માટે જગતને ઉત્પન્ન કરનાર, તેને પોતાનામાં લીન કરનાર અને તેનું પાલન કરનાર બ્રહ્મ જ છે. તેથી બ્રહ્મ સત્ય છે, તેમ જગત પણ સત્ય છે. જેમ અગ્નિમાંથી હજારો તણખા નીકળે તેમ અક્ષરબ્રહ્મમાંથી અનેક ચેતનયુક્ત

જીવો પ્રગટ થયા છે. અનેક જડ પદાર્થો પણ પ્રગટ થયા છે. તે જડ અને ચેતન જીવોનું આ જગત બનેલું છે. આમ અક્ષરબ્રહ્મે જગતનો આકાર ધારણ કર્યો છે.

આથી અક્ષરબ્રહ્મનાં બે સ્વરૂપ છે. એક સ્વરૂપ જગતરૂપ છે અને બીજું જ્ઞાનીઓની ગતિરૂપ તેજોમય દિવ્ય સ્વરૂપ છે.

આ બે સ્વરૂપો સમજાવવા માટે શ્રીમહાપ્રભુજી આ શ્લોકમાં ગંગાજીનું ઉદાહરણ આપે છે. ગંગાજીનાં પણ આવાં બે રૂપ છે. એક રૂપ જલ સ્વરૂપનું છે અને બીજું તીર્થ સ્વરૂપનું છે. આ ઉપરાંત ગંગાજીનું એક ત્રીજું રૂપ પણ છે, જે દેવી સ્વરૂપનું છે.

ગંગાજીનું જલ સ્વરૂપ આપણે આપણી આંખોથી જોઈ શકીએ છીએ. તીર્થ સ્વરૂપનો અંતઃકરણથી અનુભવ કરી શકાય છે. તેમના દિવ્ય દેવી સ્વરૂપનું દર્શન દિવ્ય દૃષ્ટિ મળે તો થઈ શકે છે.

જલસ્વરૂપ આધિભૌતિક સ્વરૂપ છે. તીર્થ સ્વરૂપ આધ્યાત્મિક સ્વરૂપ છે. દેવી સ્વરૂપ આધિદૈવિક સ્વરૂપ છે.

જલસ્વરૂપમાં તીર્થ સ્વરૂપ અને દિવ્ય સ્વરૂપ બિરાજમાન છે. એવી જ રીતે દિવ્ય સ્વરૂપમાં તીર્થ અને જલસ્વરૂપ પણ બિરાજમાન છે. તેમજ તીર્થ સ્વરૂપમાં દિવ્ય અને જલ સ્વરૂપ બિરાજમાન છે. આમ આ ત્રણે સ્વરૂપોની એકરૂપતા છે. ગંગાજી જ પોતાની ઈચ્છાથી ત્રણ સ્વરૂપે પ્રગટ થયેલાં છે. તે ત્રણે સ્વરૂપો તેમનાં જ હોવાથી બધાં સત્ય છે. આ પ્રમાણે પરબ્રહ્મ પરમાત્માના પણ ત્રણ રૂપો છે (૧) ભગવાન તરીકેનું દિવ્ય સ્વરૂપ - આધિદૈવિક (૨) અક્ષર બ્રહ્મ સ્વરૂપ - આધ્યાત્મિક (૩) જગત સ્વરૂપ - આધિભૌતિક.

દિવ્ય સ્વરૂપમાં ગુપ્ત રીતે અક્ષર બ્રહ્મ અને જગત વિદ્યમાન છે. તેવી જ રીતે અક્ષરબ્રહ્મ સ્વરૂપમાં ગુપ્ત રીતે પરમાત્મા અને જગત રહેલાં છે. જગતમાં પણ અક્ષરબ્રહ્મ સ્વરૂપ અને પરમાત્મા સ્વરૂપ બિરાજમાન છે. આમ આ ત્રણે સ્વરૂપોની એકરૂપતા છે. તેથી પરમાત્મા સત્ય છે. તો જગત પણ સત્ય છે. પરમાત્માનો જ આવિર્ભાવ જગતરૂપે થયો છે. આ ત્રણે સ્વરૂપો અભિન્ન હોવા છતાં ભિન્ન ભિન્ન રૂપે દર્શન આપે છે.

શ્લોક : ૬

માહાત્મ્યસંયુતા નૃણાં, સેવતાં ભુક્તિમુક્તિદા ।
મર્યાદામાર્ગવિધિના તથા બ્રહ્માપિ બુધ્યતામ્ ॥૬॥

શબ્દાર્થ :

માહાત્મ્યસંયુતા = માહાત્મ્યથી યુક્ત એવાં (તીર્થરૂપાં); **નૃણા** = મનુષ્યોને; **સેવતાં** = સેવા કરનારા; **ભુક્તિમુક્તિદા** = ભોગ અને મોક્ષ આપનારાં; **મર્યાદામાર્ગવિધિના** = મર્યાદા માર્ગની રીતે; **તથા** = તેમ; **બ્રહ્માપિ** = (બ્રહ્મ+અપિ) અક્ષર બ્રહ્મ પણ; **બુધ્યતામ્** = જાણવું.

શ્લોકાર્થ :

(વળી ગંગાજી) તેમનાં માહાત્મ્યથી યુક્ત એવાં તીર્થરૂપાં પણ છે. મર્યાદામાર્ગની રીતે તેમનું સેવન કરનારા માણસોને તેઓ ભોગ અને મોક્ષ આપનારાં છે. તેવું જ અક્ષરબ્રહ્મને પણ જાણવું.

સમજૂતિ :

શ્રીમહાપ્રભુજીએ પાંચમા શ્લોકમાં અક્ષરબ્રહ્મનું સ્વરૂપ સમજાવ્યું. તે સમજાવવા માટે ગંગાજીનું ઉદાહરણ આપ્યું હતું. જેમ ગંગાજીનાં ત્રણ સ્વરૂપ છે અને ત્રણે સ્વરૂપની એકરૂપતા છે, તે જ રીતે અક્ષરબ્રહ્મનાં પણ ત્રણ સ્વરૂપો છે, આ ત્રણે સ્વરૂપો અભિન્ન હોવા છતાં ભિન્ન ભિન્ન સ્વરૂપે દર્શન આપે છે.

હવે આ છઠ્ઠા શ્લોકમાં ગંગાજીના ઉદાહરણ દ્વારા ભોગ કે મોક્ષ કઈ રીતે મળે તે બાબત સમજાવે છે. આપશ્રી આજ્ઞા કરે છે કે જેમ ગંગાજળમાં વધારો-ઘટાડો થાય છે, તેમ જગતમાં પણ આવિર્ભાવ-તિરોભાવ થાય છે. ગંગાજીના

તીર્થરૂપનું સેવન કરવાથી ભોગ અને મોક્ષ મળે છે, તેમ અક્ષરબ્રહ્મની ઉપાસના કરવાથી ભોગ અને મોક્ષ મળે છે.

ગંગાજીમાંથી લાવેલા જળના સેવનથી ભોગ કે મોક્ષ મળતો નથી તેમ કેવળ જગતનું ધ્યાન કે ઉપાસના કરવાથી મોક્ષ મળતો નથી.

જે લોકો ભક્તિભાવપૂર્વક ગંગાજીના જળસ્વરૂપનાં દર્શન કરે છે, તેમની દેવી સ્વરૂપે પૂજા ઉપાસના કરે છે, હરદ્વાર જેવાં સ્થળોમાં જઈ તેમનું ધ્યાન કરે છે, તે ભક્તોને ગંગાજી દેવી સ્વરૂપે દિવ્ય દર્શન આપે છે. આવાં દર્શન મર્યાદામાર્ગના ઉપાસના પ્રકારથી પ્રાપ્ત થતાં નથી, પરંતુ ભક્તિમાર્ગની રીતે ભક્તિ કરવાથી પ્રાપ્ત થાય છે, એવું શ્રીમહાપ્રભુજી અહીં સમજાવે છે.

શ્રીગુસાંઈજી આજ્ઞા કરે છે કે ભક્તિ કરવાથી ગંગાજી રાજા ભગીરથ ઉપર પ્રસન્ન થયા હતા. ભીષ્મ પિતામહને માતા તરીકે તેમનાં દર્શન થતાં હતાં.

પુરાણોમાં ગંગાજીના સ્વરૂપનું વર્ણન કરતાં કહેવામાં આવ્યું છે કે ગંગાજી શરદ ઋતુના ચંદ્ર જેવાં શુભ્ર અને સ્વરૂપવાન છે. તેમના મુકુટમાં ષોડશ ચંદ્રકલાઓ છે. તેમને ચાર ભુજા છે. જેમાં કળશ, કમળ, વરમુદ્રા અને અભયમુદ્રા છે. તેઓ સદા શ્વેત વસ્ત્રો ધારણ કરે છે. તેમનું વાહન મગર (મકર) છે.

ગંગાજીનાં આવાં દિવ્ય સ્વરૂપનાં દર્શન તેમના ભક્તોને થયાં છે. તે દર્શન અનુસાર ગંગાજીની મૂર્તિઓ સિધ્ધ થાય છે. હરદ્વાર જેવાં સ્થળોમાં કે પોતાના ઘરોમાં ભક્તો એ મૂર્તિની મર્યાદામાર્ગ પ્રમાણે સેવા પણ કરતા હોય છે.

શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે ભક્તિ પ્રગટ થયા પછી તે વધે ત્યારે જેમની ભક્તિ કરવામાં આવતી હોય તે સ્વરૂપનાં સાક્ષાત્ દર્શન ભક્તને પોતાના ઘરમાં થાય છે. બીજાઓને થતાં નથી.

હવે આગળના શ્લોકમાં આ બાબતને વધુ સ્પષ્ટ રીતે સમજાવે છે.

શ્લોક : ૭

તત્રૈવ દેવતામૂર્તિર્ભક્ત્યા યા દશ્યતે કવચિત્ ।
ગંગાયાં ચ વિશેષેણ, પ્રવાહાભેદબુદ્ધયે ।।૭।।

શબ્દાર્થ :

તત્ર = તેમાં; **એવ** = જ; **દેવતામૂર્તિ** = દેવી સ્વરૂપે છે; **ભક્ત્યા** = ભક્તિ દ્વારા; **યા** = જે; **દશ્યતે** = દર્શન આપે છે; **કવચિત્** = ક્યારેક; **ગંગાયાં** = ગંગાના પ્રવાહમાં; **ચ** = અને; **વિશેષેણ** = વિશેષ કરીને; **પ્રવાહાભેદબુદ્ધયે** = (પ્રવાહ+અભેદ+ બુદ્ધયે) પ્રવાહમાં અભેદ બુદ્ધિવાળાનો.

શ્લોકાર્થ :

તે (બે સ્વરૂપવાળાં ગંગાજીમાં) માં જે દેવીસ્વરૂપ છે, તે જ જલ પ્રવાહમાં દેવી સ્વરૂપે બિરાજે છે, એવી અભેદ બુદ્ધિવાળાને ભક્તિ દ્વારા ક્યારેક વિશેષ કરીને દર્શન આપે છે.(૭)

સમજૂતિ :

શ્રીમહાપ્રભુજી વિરચિત શ્રી સિદ્ધાંતમુક્તાવલી ગ્રંથના છઠ્ઠા શ્લોકમાં ગંગાજીના ઉદાહરણ દ્વારા આપશ્રીએ સમજાવ્યું કે ભક્તિ પ્રગટ થયા પછી તે વધે ત્યારે જેમની ભક્તિ કરવામાં આવતી હોય તે સ્વરૂપનાં સાક્ષાત્ દર્શન ભક્તને પોતાના ઘરમાં થાય છે. બીજાઓને થતાં નથી.

હવે આ સાતમા શ્લોકમાં ગંગાજીના ઉદાહરણ દ્વારા શ્રીમહાપ્રભુજી સમજાવે છે કે ગંગાજીના દિવ્ય સ્વરૂપની મૂર્તિ બનાવીને ભક્તો પોતાના ઘરમાં તેમની ભક્તિ કરે છે, તે પ્રમાણે આપણે પણ પરબ્રહ્મ શ્રીકૃષ્ણના દિવ્ય સ્વરૂપની મૂર્તિ સિદ્ધ કરીને સ્વગૃહમાં પુષ્ટિમાર્ગની રીત પ્રમાણે તેમની ભક્તિ-સેવા કરવાથી, જ્યારે આપણી ભક્તિ અત્યંત પ્રમાણમાં વધે, ત્યારે

એ મૂર્તિ સ્વરૂપમાં બિરાજતા પ્રભુ સાક્ષાત્ પ્રગટ થઈ, આપણી આંખોનો વિષય બને છે.

ગંગાજીનો ભક્ત ગંગાજળમાં અને ગંગાજીના દેવી સ્વરૂપમાં ભેદ જોતો નથી. એટલે કે તે એવી શ્રદ્ધાથી ગંગાજીની ભક્તિ કરે છે કે ગંગાજળ એ જ ગંગાજી છે. તેથી જેટલી મર્યાદા એ ગંગાજીના દેવી સ્વરૂપની સાચવે એટલી જ મર્યાદા એ ગંગાજળની સાચવે છે. ગંગાજળમાં ગંગાજી તીર્થરૂપે અને દેવીસ્વરૂપે બિરાજમાન છે, એવી શ્રદ્ધાથી તે વર્તે છે. આવી અભેદ બુદ્ધિથી ગંગાજીની ભક્તિ કરવાથી, ગંગાજી તેની ભક્તિને વશ થઈ, ગંગાજળના પ્રવાહમાં પ્રગટ થઈ પ્રત્યક્ષ દર્શન આપે છે.

આ જ રીતે જ્યારે ભગવાનનો ભક્ત જગતમાં સર્વત્ર ભગવદ્ સ્વરૂપ રહેલું છે, એવી શ્રદ્ધાથી જગતને જોતાં અને જગતમાં જીવતાં પોતાના ઘરમાં ભગવદ્ સ્વરૂપ પધરાવી સ્નેહપૂર્વક તેમની સેવા કરે છે, ત્યારે એ સેવા કરતાં એનો સ્નેહ અતિશય વધે, ત્યારે ભગવાન ભક્તની અભેદ બુદ્ધિને દઢ કરવા પ્રગટ થઈ દર્શન આપે છે. જે ભક્તને એવી બુદ્ધિ પ્રાપ્ત થાય કે જગત અને જગદીશ એક છે, ભગવાન સર્વમાં છે, સર્વમય છે, એવા ભક્તને માટે ભગવાન પ્રગટ થાય છે. જેને ભેદબુદ્ધિ રહે છે, જે માને છે કે જગત અને જગદીશ જુદાં છે, તેને ભગવત્સેવાનું ફળ મળતું નથી.

ગીતાજીમાં ભગવાન સ્વયં આજ્ઞા કરે છે કે જે જીવાત્મા મને જે રીતે ભજે છે, તેને તે રીતે હું ફળ આપું છું. જે ભગવદ્ સ્વરૂપને સાક્ષાત્ ભગવાન સમજી શ્રદ્ધાથી સેવે છે, તેને ભગવાન પોતાના સાક્ષાત્ સ્વરૂપનાં દર્શન કરાવે છે. પરંતુ જે લોકો લૌકિક બુદ્ધિ રાખીને - આ ભગવાન નથી, ભગવાનની મૂર્તિ છે, એવી ભેદબુદ્ધિ રાખીને - સેવા કરે છે, તેમનો શ્રમ વ્યર્થ જાય છે. જેમ રાખમાં ઘી હોમવાથી યજ્ઞનું ફળ મળતું નથી, તેમ ભગવદ્ સ્વરૂપ ભગવાન નથી, એવી ભેદબુદ્ધિ રાખનારના ભાગ્યમાં ભગવદ્ દર્શનનું ફળ હોતું નથી.

ભાગવતજીમાં કપિલદેવજી માતા દેવહૂતિને આ વાત સમજાવતાં કહે છે કે ભગવાન અને ભગવાનની મૂર્તિમાં ભેદબુદ્ધિ રાખીને કરવામાં આવતી ભક્તિ

સગુણ ભક્તિ છે. તેનાથી ભગવદ્ પ્રાપ્તિ થતી નથી. માટે વૈષ્ણવોએ પોતાને માથે બિરાજતા ભગવદ્ સ્વરૂપમાં આવી ભેદબુદ્ધિ રાખવી નહિ. એ ભગવદ્ સ્વરૂપ ચિત્રજી, વસ્ત્રજી, મૂર્તિ કોઈ પણ સ્વરૂપે હોય, તેમાં સાક્ષાત્ પૂર્ણ પુરુષોત્તમ શ્રીકૃષ્ણ બિરાજમાન છે, એવો ભાવ અને શ્રદ્ધા રાખી, તેવા ભાવથી સેવા કરવી જોઈએ.

શ્લોક : ૮

પ્રત્યક્ષા સા ન સર્વેષાં પ્રાકામ્યં સ્યાત્તયા જલે ।
વિહિતાચ્ચ ફલાત્તદ્ધિ, પ્રતીત્યાપિ વિશિષ્યતે ॥૮॥

શબ્દાર્થ :

પ્રત્યક્ષા = પ્રત્યક્ષ, **સા**=તે, **ન** = નથી, **સર્વેષામ્** = બધાંને, **પ્રાકામ્ય** = ઉત્તમ કામના રાખવાથી, **સ્યાત્** = ફળ આપે છે, **તયા** = તે, **જલે** = જળમાં, **વિહિતાત્** = શાસ્ત્રમાં કહેલા, **ચ**=અને, **ફલાત્** = ફળથી, **તત્** = તે, **હિ** = ચોક્કસ, **પ્રતીત્યા** = પ્રતીતિ વડે, **અપિ** = પણ, **વિશિષ્યતે** = અધિક છે.

શ્લોકાર્થ :

બધાંને તે (ગંગાજી) પ્રત્યક્ષ દેખાતાં નથી; છતાં ગંગાજળમાં શ્રદ્ધા રાખનારની કામના સિદ્ધ થાય છે. ગંગાજળ ચોક્કસ શાસ્ત્રમાં કહેલા ફળથી અને પ્રતીતિ વડે પણ બીજા જળ કરતાં અધિક છે.

સમજૂતિ :

શ્રીમહાપ્રભુજી આ શ્લોકમાં સમજાવે છે કે ગંગાજીમાં સ્નાન કરનાર સૌને ગંગાજીના દેવી સ્વરૂપનાં પ્રત્યક્ષ દર્શન થતાં નથી, તે રીતે બધા મનુષ્યોને ભગવાનનાં દર્શન સાક્ષાત્ સ્વરૂપે થતાં નથી. છતાં જેમને શ્રદ્ધા છે કે મારે ત્યાં બિરાજતું પ્રભુનું સ્વરૂપ સાક્ષાત્ ભગવાન છે, એ મૂર્તિ માત્ર નથી. એમની દર્શનની કામના જરૂર સિદ્ધ થાય છે.

જે ભગવાનના કૃપાપાત્ર ભક્તો છે, જેમનામાં ભક્તિ પૂર્ણરૂપે પ્રગટ થઈ છે, તેવા ભગવદીયોને જ સાક્ષાત્ ભગવાનનાં દર્શન થાય છે. ભગવાનની

લીલાઓનો અનુભવ થાય છે. આવાં દર્શન અને અનુભવ માટે ભગવદ્ સ્વરૂપ સાક્ષાત્ ભગવાન છે, એવો ભાવ રાખી, પૂર્ણ સ્નેહથી તેમની તનુજા-વિત્તજા સેવા કરવી જરૂરી છે. આપણા ઘરમાં આવી સેવા કરતાં આપણું ચિત્ત ભગવાનમાં અને તેમની સેવામાં ઓતપ્રોત કરવું જરૂરી છે. ચિત્ત સેવામાં અને પ્રભુમાં પરોવાય તે જરૂરી છે.

આમ અહીં શ્રીમહાપ્રભુજી સમજાવે છે કે ભગવદ્ સાક્ષાત્કાર માટે પ્રભુના સ્વરૂપમાં પૂર્ણ શ્રધ્ધા રાખી, સ્નેહપૂર્વક, એકાગ્રતાપૂર્વક તેમની સેવા કરવાની જરૂર છે.

શ્લોક : ૯

યથા જલં તથા સર્વં યથા શક્તા તથા બૃહત્ ।
યથા દેવી તથા કૃષ્ણસ્તત્રાપ્યેતદિહોચ્યતે ॥૯॥

શબ્દાર્થ :

યથા = જેમ; **જલં** = પ્રવાહરૂપી જળ; **તથા** = તેમ; **સર્વં** = બધું જગત; **યથા** = જેમ; **શક્તા** = તીર્થશક્તિ; **તથા** = તેમ; **બૃહત્** = અક્ષરબ્રહ્મ; **યથા** = જેમ; **દેવી** = દેવી સ્વરૂપ; **તથા** = તેમ; **કૃષ્ણ** = ભગવાન શ્રીકૃષ્ણ; **તત્રાપ્યેતદિહોચ્યતે (તત્ર+અપિ+એતત્+ઈહ+ઉચ્યતે)** = **તત્ર** - ત્યાં, (વેદમાં) **અપિ** = પણ, **એતત્** = આ, **ઈહ** = અહીં, **ઉચ્યતે** = કહેવાયો છે.

શ્લોકાર્થ :

જેમ ગંગાજીનો જલપ્રવાહ છે, તેમ આખું જગત છે. જેમ ગંગાજીની તીર્થશક્તિ છે, તેમ અક્ષરબ્રહ્મ છે, જેમ ગંગાજીનું દેવી સ્વરૂપ છે, તેમ પરબ્રહ્મ શ્રીકૃષ્ણ છે, વેદમાં આ જ કહેવાયું છે, જે અહીં કહેવાયું છે.

સમજૂતિ :

શ્રીમહાપ્રભુજી સિદ્ધાન્ત મુક્તાવલી ગ્રંથના આ નવમા શ્લોકમાં સમજાવે છે કે જેમ ગંગાજળ ગંગાજીનું આધિભૌતિક સ્વરૂપ છે, તેમ જગત ભગવાનનું

આધિભૌતિક સ્વરૂપ છે. ગંગાજીનું માહાત્મ્ય એ તેમનું આધ્યાત્મિક સ્વરૂપ છે, તેમ અક્ષરબ્રહ્મ એ ભગવાનનું આધ્યાત્મિક સ્વરૂપ છે. જેમ દેવી સ્વરૂપ એ ગંગાજીનું આધિદૈવિક સ્વરૂપ છે, તેમ ભગવાન શ્રીકૃષ્ણ એ આધિદૈવિક સ્વરૂપ છે.

આમ જગત એ પરમાત્માનું સ્વરૂપ છે, તેના દરેક નામ-રૂપમાં પરમાત્મા રહેલા છે, આવું જ્ઞાન જો સેવા કરનારને ન થાય તો, તે જે સેવા કરે છે તેનું વધુમાં વધુ મોક્ષ સુધીનું ફળ જ તેને મળે છે. માનસી સેવાનું ફળ મળતું નથી. કારણ આવો સેવક સેવા કરતાં પણ જગતના ભોગ ભોગવવાના વિચારોમાં તત્પર હોય છે. તેની અહંતા મમતા છૂટતી નથી. સેવા કરવા છતાં પણ તેની વૃત્તિ જગતના ભોગરૂપી ફળ મેળવવાની હોય છે. આવા વાસનાગ્રસ્ત મનમાં ભગવદ્ભાવ પ્રગટ થતો નથી અને માનસી સેવાનું ફળ મળતું નથી.

ભાવ વિના કરેલી સેવા ભગવાન સ્વીકારતા નથી. માટે જગતને ભગવદ્ રૂપ જાણી, જગતનો લૌકિક ભોગ કરવાની વૃત્તિ એટલે કે અહંતા-મમતા છોડી દઈ. ભગવદ્ સ્વરૂપનો આનંદ પ્રાપ્ત કરવાની અભિલાષા સાથે વૈષ્ણવે સેવામાં પ્રવૃત્ત થવાનું છે.

શ્લોક ૧૦

જગત્ તુ ત્રિવિધં પ્રોક્તં, બ્રહ્મવિષ્ણુશિવાસ્તતઃ ।
દેવતારૂપવત્ પ્રોકતા, બ્રહ્મણીત્થં હરિર્મતઃ ॥૧૦॥

શબ્દાર્થ :

જગત્ તુ = જગત તો, **ત્રિવિધં** = ત્રણ પ્રકારનું, **પ્રોક્તં** = કહેલું છે, **બ્રહ્મ** = બ્રહ્માજી, **વિષ્ણુ** = વિષ્ણુ, **શિવાઃ** = શિવજી, તતઃ = તેથી, **દેવતારૂપવત્** = દેવતારૂપે, **પ્રોક્તા** = કહ્યા છે, **બ્રહ્મણિ** = અક્ષરબ્રહ્મમાં, **ઈત્થં** = આ પ્રમાણે, **હરિઃ** = શ્રી હરિભગવાન, **મતઃ** = માનેલા છે.

શ્લોકાર્થ :

જગત સત્ત્વ, રજ, તમ એમ ત્રણ ગુણોને લઈને ત્રણ પ્રકારનું કહેલું છે. તે હેતુથી બ્રહ્મા, વિષ્ણુ અને શિવ એ ત્રણે દેવતાઓ પણ કહેલા છે. તે સૌના નિયામક શ્રીહરિ છે.(૧૦)

સમજૂતિ :

જગતમાં ત્રણ ગુણ જોવામાં આવે છે. સત્ત્વગુણ, રજોગુણ, અને તમોગુણ. ભગવાને જ પોતાનામાંથી આ ત્રણે ગુણો પ્રગટ કરી. ત્રણ ગુણોવાળી સૃષ્ટિ રચી છે. ભગવાન સચ્ચિદાનંદ છે. તેમના ત્રણ મુખ્ય ધર્મ છે. સત્, ચિત્ અને આનંદ. સત્ ધર્મમાંથી સત્ત્વગુણ, ચિત્ ધર્મમાંથી રજોગુણ અને આનંદ ધર્મમાંથી તમોગુણ પ્રગટ થયા છે. ભગવાને પોતે આ ત્રણ ગુણો પ્રગટ કર્યા હોવા છતાં તેઓ પોતે નિર્ગુણ છે.

આમ ત્રણે ગુણોનું મૂળ સચ્ચિદાનંદ ભગવાન છે. આ ગુણોમાં સત્ત્વ ગુણને ઉત્તમ કહ્યો છે. તે નિર્મળ અને પ્રકાશક છે. તે જ્ઞાન અને સુખ આપે છે. તેને કારણે જીવ લૌકિક-વૈદિક કાર્યોમાં પ્રવૃત્ત બની સુખ ભોગવે છે. સુખનો ભોગ કરવા એ જીવાત્માને બીજો જન્મ લેવો પડે છે. આમ આ ગુણ જીવાત્માને જન્મ-મરણના બંધનમાં નાખે છે.

રજોગુણથી તૃષ્ણા અને સંગબુદ્ધિ જાગે છે. જે પદાર્થ ન મળે તેની ઈચ્છા એટલે તૃષ્ણા, જે મળે તેમાં આસક્તિ તે સંગબુદ્ધિ. આ બંને ઉત્પન્ન થતાં રજોગુણ મનુષ્ય પાસે કર્મ કરાવે છે. તેને લઈને એ જીવાત્માઓને પુનર્જન્મનું બંધન થાય છે.

તમોગુણની ઉત્પત્તિ અજ્ઞાનમાંથી થાય છે. તે જીવને પરમાત્માનું સાચું જ્ઞાન થવા દેતો નથી. તે જીવને આળસ, મોહ અને પ્રમાદમાં રાખે છે. તમોગુણ વધતાં અજ્ઞાન વધે છે. તેથી જીવાત્મા ન કરવા જેવાં કર્મો કરે છે અને તેને પુનર્જન્મનું બંધન પ્રાપ્ત થાય છે.

શ્રીમહાપ્રભુજી અહીં સમજાવે છે કે જગતમાં આવા ત્રણ પ્રકારના ગુણોવાળા જીવો છે. ત્રણે પ્રકારના ગુણવાળા જીવો તેમના ગુણો પ્રમાણે જુદા જુદા દેવોની ઉપાસના કરે છે. જેમ મનુષ્યમાં ત્રણ ગુણો રહેલા છે તેમ દેવતાઓમાં પણ ત્રણ ગુણો રહેલા છે. ભગવાને આ ત્રણે ગુણોને કાબુમાં રાખવા માટે અક્ષરબ્રહ્મમાંથી ત્રણ દેવો પ્રગટ કર્યા છે. તે છે બ્રહ્મા, વિષ્ણુ, મહેશ. સત્ત્વગુણના નિયામક વિષ્ણુ, રજોગુણના નિયામક બ્રહ્મા અને તમોગુણના નિયામક મહેશ-શિવ છે. આ ત્રણે દેવોના નિયામક પૂર્ણ પુરુષોત્તમ છે. જે નિર્ગુણ અને સ્વતંત્ર છે. ત્રણે દેવો પરમાત્માને આધીન છે. દેવો પરતંત્ર છે, કારણ તેઓ પૂર્ણપુરુષોત્તમના અંશરૂપ છે. સગુણ છે. આ દેવો તેમની સત્તા એવા લોકો ઉપર ચલાવી શકે છે જેઓને જગતમાં આસક્તિ છે, પરંતુ જેઓ બ્રહ્મનિષ્ઠ છે, જ્ઞાની છે, ભક્ત છે, તેમના ઉપર આ દેવોનું નિયમન ચાલતું નથી. તેમના નિયામક તો શ્રીહરિ પોતે જ છે.

જ્યારે ભક્તને એવું જ્ઞાન થાય છે કે જગતના કણકણમાં પરબ્રહ્મ પરમાત્મા બિરાજેલા છે, ત્યારે તે ભક્ત કે જ્ઞાનીને જગત બ્રહ્માત્મક દેખાય છે. જગત ત્રિગુણાત્મક છે એવું ભાન ચાલ્યું જાય છે. તે સમયે એ ભક્ત કે જ્ઞાનીનું નિયમન ભગવાન પોતે કરે છે. કારણકે તે ભક્તને પછી અન્ય કોઈ દેવસ્વરૂપનું સ્મરણ રહેતું નથી.

આ બાબત સમજાવીને શ્રીમહાપ્રભુજી આપણને એવો ઉપદેશ આપે છે કે ભગવાનના ભક્તે તો ભગવાનમાં જ નિષ્ઠા રાખીને ભગવાનની સેવા કરવાની છે. અન્ય દેવદેવીઓમાં નિષ્ઠા રાખવાની નથી. જેઓ ભગવાનના અનન્ય ભક્ત બનીને, ભગવાનની સેવામાં તત્પર બને છે, તેના સર્વ યોગક્ષેમ ભગવાન પોતે સાચવે છે. આથી ભગવદ્ ભક્તે તો નિર્ગુણ એવા ભગવાન સાથે તન્મય થવાનું છે.

(સિદ્ધાંત મુક્તાવલી ગ્રંથમાં કુલ ૨૧ શ્લોકો છે. તેમાંથી આ પ્રથમ ભાગમાં ૧૦ શ્લોકો સમજાવવામાં આવ્યા છે. બાકીના ૧૧ શ્લોકોની સમજૂતિ બીજા ભાગમાં આપવામાં આવશે.)

SIDHDHANT MUKTAVALI

नत्वा हरिं प्रवक्ष्यामि स्वसिध्धांत विनिश्चयम्।
कृष्णसेवा सदा कार्या, मानसी सा परामता ।।१।।

Natva Harim pravakshyaami swasidhaant vinischayam |
Krushnaseva sada kaarya, maanasi sa paraamataa ||1||

Meaning of words :

Natva = bowing down. **Harim** = to Shri Hari. **Pravakshyaami** = I state. **Swasidhaant** = My own principle. **Vinischayam** = Decidedly, with firmness, emphatically. **Krushna Seva** = Worship of Krishna. **Sada** = Always. **Karya** = should be performed. **Mansi** = Manasiseva, conceptual/mental worship. **Sa** = That. **Paraa** = paramount/supreme fruit, **Mataa** = Is considered.

Meaning of the verse :

I (Shri Vallabh) bowing down to Shri Hari (one who takes away miseries) emphatically state principle of our sect (sampraday). Shri Krishna should always be worshipped. Conceptual (or Mental) worship (*manasi seva*) is considered the paramount fruit.

COMMENTRY : This 'Sidhdhant Muktavali' *granth* (hymn) is the third of the 16 hymns (*sodash granthas)* created by Shri Mahaprabhuji

Here he explains principles of *Pushti Marg*. Muktavali means necklace of pearls. It is a poetic imagination that when rain drops fall in an oyster in *swati* constellation (*nakshatra*) a pearl is formed. This imagination is based on the principle of Prabhu's grace. This principle of Prabhu's grace is narrated in the *Vedas*- **यमेवैष वृणुते तेन लभ्यः** (*Yamevaish vrunute ten labhyah*) Prabhu is not realized by any means or any action (*karma*) or by acquiring knowledge. He meets with those selected by Him. Prabhu's choice is dependent on His grace. Grace is not governed by any rule. The beings on whom Prabhu showers grace are *pushti* beings. *Pushti* means grace. Another meaning of *pushti* is nourishment. Beings who are nourished by Prabhu Himself are *pushti* beings. They are the ones nourished by Prabhu. This is the basic principle of *pushti*.

A question would arise 'what is meant by a *sidhdhant* (principle)?' the word *sidhdhant* is composed of two words, viz. *sidhdh* and *ant*. This means a *sidhdhant* or principle is the one which in the end could be substantiated or validated by the *Vedas*. These are eternal/enduring. They are steadfast. Time may change, place may change, person may change but these (principles) do not change at all. These are substantiated by *Vedas* and also proven true by many people by putting them in to practice.

Thus, by using the word '*sidhdhant*' (principle) Shri Mahaprabhuji indicates that what he has stated here (in this hymn) is the principle of *Vedas*-got from the Prabhu. *Vedas* are the words straight from the Prabhu's mouth. Shri Mahaprabhuji is incarnation of Prabhu's face (*mukhaarvind*), that's why he terms the principle originated from Prabhu as 'my own principle'(*swa-sidhdhant*). Graceful Shri Vallabh has beautifully woven the form and attributes of his principles in this hymn

'Sidhdhant Muktavali'. He calls this marvelous creation a necklace of pearls because, we know, beauty and value of pearls is enhanced much more when assembled into a necklace.

It is also true that loose pearls may not be of much utility, one may scatter it away or even misplace the same. In contrast, a necklace is useful and the pearls remain safe and intact. Precisely for this reason, by using the simile of pearl-necklace Shri Mahaprabhuji conveys that these principles are as invaluable as that but are not scattered, these are not to be locked up in the safe of the hymn but practiced in life. These are meant to be practiced.

Principles are incomplete or flawed if not put in to practice. A principle becomes complete or perfect when it is put in to practice after learning the same. Knowledge not implemented through action is mere burden. That's why Shri Mahaprabhuji has shown both, the principle and its practice in this hymn. If after knowing the principles of Shri Mahaprabhuji and understanding the *shudhdhdwait brahmvaad* preached by him we proceed on the path of worship shown by him then only the principle and actions both are said to be implemented.

A devoted disciple of Shri Mahaprabhuji in *vraj*, Achyutdas had requested him that, 'Maharaj, bless me that my mind gets involved in it when I do conceptual/mental worship in solitude.' In response to this request Shri Mahaprabhuji created and taught this hymn 'Sidhant Muktavali' to him. As a result/gain of this he (Achyutdas) could directly achieve conceptual/mental worship without doing any worship through body or wealth (*tanu-vitaja*). Shri Achyutdasji stayed, totally engrossed in conceptual worship, in a cave near Govind Kund in the village Anyor, in the foothills of Shri Giriraj. Shri Gusainji could sight (got *darshan* of) Shri Mahaprabhuji in his eyes and, therefore, went often to him.

In the first verse of this hymn given above, Shri Mahaprabhuji bows to Prabhu. **Natva Harim** means after bowing to Shri Hari. What else, other than bowing to Prabhu, can we do? In bowing there is a sense of humility and humility is the means of pleasing Prabhu. For this reason, he has begun this hymn (*granth*) with bowing.

The word '*Hari*' has been used here. 'Hari' means one who takes away agony/misery. Only Prabhu can take away all miseries. So Shri Mahaprabhuji bows to Shri Hari so that He will destroy all obstructions that may come in creation of this hymn. After bowing to Shri Hari, Mahaprabhuji states the purpose of the creation of this hymn, "**pravakshyaami swasidhant vinischayam**" meaning: I state here my own principle decidedly, with full firmness.

In the second line of the first verse, His Holiness states the first principle, *Krushna Seva Sadaa Karya* i.e. Shri Krishna should always be worshipped.

Two points are made here. 'Whom to worship' and 'When to worship'. Shri Krishna should be worshipped because He is called *Purn Purushottam* in all the scriptures (*shastras*).

The personified form of *brahm* narrated in the *Vedas* is called Krishna in the *Upnishadas*. The word 'Krishna' means 'the most powerful form that is complete/absolute happiness/bliss'. As per the *Vedas*, *Parbrahm Pramatma* Shri Krishna is the liberator who liberates beings after eliminating all their sins and driving away miseries. No one else has such a prowess. Being the complete/absolute bliss (*purnanand*) He is the one who eliminates miseries of beings and bestows all happiness.

As ice cools and fire burns, worship of blissful Krishna gives experience of happiness only. The act of worship gives happiness and its reward (fruit) also is sheer happiness. For this reason, it is told to worship Shri Krishna.

When to do this worship? The answer is 'always.' In the morning, from *Mangala* to *Rajbhog* and then in the afternoon, from *Utthapan* to *Shayan*. This schedule must always be maintained steadfastly. In case it is not possible to do so twice in a day, then complete schedule from *Mangala* to *Shayan* should be completed in the morning itself. Whatever work like earning livelihood, shopping, cleaning of grains, grinding, plucking flowers and preparing *malaji* (floral garland) for Prabhu, making ornaments and dresses for Shri Thakoraji etc. etc. done during the *anavsar* (when not doing actual worship) is also considered as worship in our sect/path. Thus, acts performed while in asparsh (seclusion) and works done while not in *asparsh* but incidental to those functions

both are considered worship in our sect. That is why it has been directed that worship should be performed always.

